હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હુ એટલુજ કહીશ... ઓલા એ શું કર્યું...!!

સેક્ટર-૨થી નીકળી ગયેલા વડીલનો લેકાવાડા પાટીયા પાસેથી મૃતદેહ મળ્યો

સેક્ટર-૨ સી માંથી શનિવારના રોજ સાંજે વડીલ નીકળી ગયા હતા

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતે રહેતા નિવૃત જીવન ગુજારતા વડીલ શનિવારના રોજ સાંજના સુમારે કોઈને કંઈ કહ્યા વિના ઘરેથી ચાલી નીકળ્યા હતા. જયારે મોડીસાંજ સુધી તેઓ ઘરે ન આવતા પરિવારજનોએ તેમની શોધખોળ આદરી હતી.ત્યારે બીજા દિવસે સવારે વડીલનો લેકાવાડા-પાલજ પાસેથી મૃતદેહ મળી આવ્યો હતો. વડીલે ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું હતું. બનાવની જાણ થતા ચિલોડા પોલીસ દોડી આવી હતી અને પરિવારજનોને જાણ કરી મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ સી પ્લોટ નં.૮૧૨-૨ ખાતે રહેતા ઘનશ્યામભાઈ નાનજીભાઈ પટેલ (ઉં.૬૫) નિવૃત જીવન જીવી રહ્યા હતા. શનિવારના રોજ સાંજના સુમારે તેઓ ઘરે કોઈને પણ કંઈ કહ્યા વિના ઘરેથી નીકળી ગયા હતા. ઘનશ્યામભાઈ મોડીરાત સુધી ઘરે ન આવતા પરિવારજનોએ ફોન કરતા તેઓનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો.

જેને પગલે પરિવારના સભ્યોએ સગા-સ્નેહીજનો તેમજ આસપાસના વિસ્તારમાં તેમની શોધખોળ ચાલી રહી હતી તે દરમિયાન રવિવારના રોજ સવારે પાલજ-લેકાવાડા પાટીયા પાસેથી ઘનશ્યામભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો.

જેમાં તેઓએ ઝેરી દવા પી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું હતું.બનાવની જાણ થતા ચિલોડા પોલીસના જવાનો પણ દોડી આવ્યા હતા. પોલીસે પરિવારને જાણ કરી મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો હતો.જયારે પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના પત્નીનું ચાર માસ અગાઉ અવસાન થયુ છે.

પત્નીના મોતને પગલે તેઓ માનસીક રીતે પડી ભાંગ્યા હતા.જેને પગલે તેઓએ આ પગલુ ભર્યુ હોવાનું શક્યતાઓ જોવાઈ રહી છે. પરિવારના સભ્યોની પુછપરછ પછી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા મળશે. જયારે મળતી વિગત મુજબ મૃતકને બે દિકરાઓ છે,જેમાં એક દિકરો સત્સંગી જીવન ગુજારે છે. તો બીજો દિકરો ગાડીના શો-રૂમમાં ફરજ બજાવે છે.

ખૂણેખાંચરેથી

● આજે મતદારયાદી સુધારણા ઝુંબેશના બીજા સઘન રવિવારીય ઝુંબેશને સારો પ્રતિસાદ મળ્યો છે.

● ગાંધીનગર શહેરમાં ભાદરવાની ગરમીનો અહેસાસ આજે લોકોએ અનુભવ્યો હતો. ઉકળાટ અને ગરમીનો માહોલ હોઈ લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું.

● ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવણીનું કામ દહેગામ તાલુકામાં ૧૦૦ ટકા થયુ છે.

● વરાપ નીકળતાં ખેડૂતો પાકના નિંદામણ અને અન્ય કામગીરીમાં વ્યસ્ત બન્યા છે.

● ગાંધીનગર શહેરમાં આજે પ્રધાનમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીના કાર્યક્રમને પગલે તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં ગણેશ ભગવાનના વધામણા માટે અનેરો થનગનાટ નગરજનોમાં જોવા મળી રહ્યો છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સાતસોથી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.

● ગાંધીનગર શહેરમાં જૈન પરિવારો પર્યુષણના વ્યાખ્યાન અને પ્રતિક્રમણમાં વ્યસ્ત બન્યા છે.

● અરણ્ય ઉદ્યાનના રક્ષિતવન વિસ્તારમાંથી ઘો સાથે ત્રણ શખ્સો ઝડપાતાં વન વિભાગે કાર્યવાહી હાથ ધરી છે.

● કાનૂની સેવા સત્તામંડળ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે રાંધેજા વિદ્યાપીઠ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી.

● પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

● માણસાના સમસ્ત પ્રજાપતિ સમાજ સંચાલિત માણસા શહેરના ઐતહાસિક બાબા રામદેવપીર મંદિરની ૪૬મી વર્ષગાંઠની ઉજવણી ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

માણસામાં અર્બુદા સેના ગાંધીનગર જિલ્લાની કારોબારી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાની કારોબારી સભા માણસા ખાતે અર્બુદા સેનાના પ્રમુખ વિપુલભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં મળી હતી. બેઠકમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો અને આગેવાનોનું ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ જિલ્લાના વિવિધ ગામોની બહેનો દ્વારા અર્બુદા મહિલા સેના દ્વારા ફોર્મ આપ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજની મહિલાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર જિલ્લા અને ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા સેનાનું સંગઠન મજબૂત કરવા તથા સંગઠીત કરવા એક કરવા નેક કરવા અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલભાઈ ચૌધરીએ આહવાન કર્યુ હતું. તેમણે કહ્યું હતું કે આપણા સમાજના પ્રશ્નો હલ કરવા આગેવાનોની જરૂર છે ત્યારે અર્બુદા સેના સમાજના આગેવાનો બહાર લાવવાનું કામ કરશે આ કાર્યક્રમ બાદ લોકરક્ષક ભરતી અને તમામ સરકારી ભરતીઓમાં કરવામાં આવતી ડોક્યુમેન્ટ વેરીફિકેશનની પ્રક્રિયામાં ૧૯૭૮ પહેલાના પુરાવા સંદર્ભે અર્બુદા સેના ગાંધીનગર જિલા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

શહેરના સેકટર-૨૬ ખાતે ઈકો કારના સાયલેન્સરની ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૨૬ ગ્રીનસીટી ઝાલાવાડી ફલેટની સામે પાર્ક કરેલી ઈકો કારના સાયલેન્સરની ચોરી થવા પામી છે. ત્યારે ઈકો માલિકે સેકટર-૨૧પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૬ ગ્રીનસીટી મ.નં.-એ-૧-૨ ઝાલાવાડી ફલેટ ખાતે નરસિંહ છોગાજી માલી પોતાના પરિવાર સાથે રહે છે અને સેકટર-૨૪ શાકમાર્કેટ મેલડી માતાના મંદિર પાસે પથારો કરી રેડીમેઈડ કપડાનો વેપાર કરે છે. પોતાના અંગત ઉપયોગ માટે નરસિંહભાઈએ ઈકો કાર નં. જી.જે.૧૮.બી.ક્યું.-૦૩૪૧ની ખરીદી કરી હતી. ગત તા.૨૨ ઓગસ્ટના રોજ સવારના આશરે પાંચ વાગ્યાના સુમારે પરિવાર સાથે ઈકો ગાડી લઈ રાજસ્થાન ગયા હતા.ત્યારબાદ રાજસ્થાનથી ગત તા.૨૪ ઓગસ્ટના રોજ બપોરના આશરે એક વાગે ગાંધીનગર ખાતે આવ્યા હતા. ત્યારે ગાડી પાર્ક કરી ફલેટની બાજુમાં મુકી હતી. જયારે બીજા દિવસે સવારે સાત વાગે દિકરીને શાળાએ મુકવા જવા માટે ગાડી શરુ કરતા તેના અવાજમાં ફેરફાર થયો હતો. જેથી દિકરીને શાળાએ મુકી સેકટર-૨૮ નંદા શો-રૂમ ખાતે રીપેરીંગ કરાવવા માટે લઈ ગયો હતો.જયાં રીપેરીંગવાળા ભાઈએ કહ્યુ કે ઈકોનું સાયલેન્સરની ચોરી થઈ છે અને તેની જગ્યાએ જુનુ સાયલેન્સર ફીટ કરીને લઈ ગયા છે. જેને પગલે નરસિંહભાઈએ સેકટર-૨૧ પોલીસ મથકે ઈકો સાયલેન્સરની ચોરી અંગે ફરીયાદ નોંધાવી હતી.

શહેરના સેકટર-૨ માંથી બુલેટની ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૨ માંથી બુલેટની ચોરી થઈ છે. શહેરમાં વાહનચોરી ના કિસ્સા દિન પ્રતિદિન વધી રહ્યા છે. ચોર ટોળકી રહેણાંક અને ભીડભાડવાળા વિસ્તારમાંથી વાહનચોરીને અંજામ આપે છે. વાહનચોર ટોળકી એક પછી એક વાહન ચોરી પોલીસને પડકાર ફેંકતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૭ પોલીસ મથકે યુવકે બુલેટ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ એ પ્લોટ નં.૧૨૮૮-૧ ખાતે રહેતા યશ રાકેશ નિમાવત (ઉં.૨૪)પરિવાર સાથે રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. યશ પોતાના અંગત ઉપયોગ માટે બુલેટ નં.જી.જે.૧૮.ડી.કે.-૪૯૯૪ ચલાવતો હતો. ગત તા.૨૬ ઓગસ્ટના રોજ બુલેટ લઈ પોતાના મિત્રને સરગાસણ ખાતે ઉતારીને સવા સાત વાગ્યાના અરસામાં ઘર પાસે બુલેટ પાર્ક કર્યું હતું. જયારે શનિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે ઘરની બહાર આવીને જોયુ તો ઘર પાસે પાર્ક કરેલુ બુલેટ જોવા મળ્યું ન હતું.જેથી બુલેટ અંગે આસપાસના સેકટર તેમજ વિવિધ સ્થળે તપાસ કરવા છતા મળી ન આવતા સેકટર-૭ પોલીસ મથકે બુલેટ ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

ડભોડામાં બે પરિવાર વચ્ચે મારામારી થતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૨૮

ડભોડા ખાતે બે પરિવાર વચ્ચે થયેલી મારામારી પોલીસ મથકે પહોંચી છે. જેમાં અગાઉ થયેલા ઝઘડાની અંગત અદાવત રાખી કૌંટુબીક વહુએ વૃધ્ધાને લાફો ઝીંકી દીધો હતો, જયારે બીજીતરફ વૃધ્ધાના દિકરા સાથે પણ ઝપાઝપી કરી માર માર્યો હતો. જયારે હોબાળો થતા ફળીયાના માણસો આવી જતા વધુ મારમાંથી મા-દિકરાને બચાવ્યા હતા. તો બીજીતરફ કાકાએ પણ ભત્રીજાના કાર પર હુમલો કર્યો હતો. જયારે આજે તો તમે બચી ગયા છો, પરંતુ હવે થી અમારૂ નામ લેશો તો તમને બધાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારે આ મારામારી પ્રકરણમાં સામસામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડાના દાદુનગર રોડ બારવાદેવ ખાતે રહેતા જયેશ રામસંગજી સોલંકીએ ફરીયાદ નોંધાવી છે કે શુક્રવારે સાંજના તેમના ભાભી ઉષાબેન તેમના માતા સાથે ઝઘડો કરતા હતા. જેમાં ઉશ્કેરાયેલા ઉષાબેનને ૭૭ વર્ષિય મન્સી બેને લાફો માર્યો હતો. આ સમયે જયેશભાઈ માતાને છોડાવવા વચ્ચે પડ્યા હતા. ત્યારે ઉષાબેનના બંને દિકરા ભાવેશ તેમજ રોહને જયેશભાઈને ગડદાપાટુનો માર માર્યો હતો.આ સમયે આવેલી ભાવેશની પત્નીએ પણ ગાળાગાળી કરી આસપાસથી નાગરીકો એકઠા થઈ જતા તેઓ જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

તો બીજીતરફ ડભોડા દાદુનગર ખાતે રહેતા ભાવેશ સરદારજી સોલંકી (ઉં.૨૪) ના પિતાનું અવસાન થયું છે. તેમની બાજુમાં યુવકના દાદા-દાદી અને કાકાનો પરિવાર રહે છે. ફરીયાદ મુજબ શુક્રવારે સાંજે યુવકના દાદી મન્સીબેન રામાજી સોલંકી, કાકા જયેશભાઈ સોલંકી અને તેમના દિકરા અજય જયેશ સોંલકી અગાઉની અદાવતમાં બોલાચાલી કરવા લાગ્યા હતા.જેમાં ભાવેશે ઝઘડો કરવાનું ના પાડતા ઉશ્કેરાયેલા કાકા જયેશભાઈએ ધોકા વડે યુવકની કાર ધોકા વડે હુમલો કરતા કાચ તુટી ગયા હતા. જયારે ભાવેશના માતાએ ૧૮૧ અભયમની ટીમને બોલાવતા તેઓ નાસી ગયા હતા. પોલીસે બંને પરિવારની ફરીયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

મ.દે.ગ્રામ સંકુલ ગુજરાતવિદ્યાપીઠ રાંધેજા કાનૂન શિબિર યોજાઈ

ગાંધીનગર,તા.૨૮

જિલ્લા કાનુની સેવાસત્તા મંડળ ,ડિસ્ટ્રિક્ટ કોર્ટ ,ગાંધીનગર ના ઉપક્રમે મ.દે. ગ્રામ સેવા સંકુલ ગુજરાત વિદ્યાપીઠ , રાંધેજા ખાતે ત્યાંના એસ.સી.એસ.ટી.સેલ દ્વારા એક કાનુની શિબિર નું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કોર્ટ પેરા લીગલ વોલનટિયર સુધીર દેસાઈ એ મહિલાઓ ની કાર્યસ્થળ પર જાતિય સતામણી (નિવારણ, નિષેધ અને પ્રતિબંધ) અધિનિયમ ૨૦૧૩ વિશે માહિતી સભર વકતવ્ય આપેલ તેમજ પેનલ એડવોકેટ વિપુલ વાઘેલા એ એસ.સી.એસ.ટી એકટ, પોકસો કાયદો અને કાનુની સહાય વિશે વિસ્તૃત માહિતી ત્યાં ઉપસ્થિત લગભગ ૨૨૪ વિદ્યાર્થીઓ ને આપેલ હતી. કાર્યક્રમમાં ગુજરાત વિદ્યાપીઠ ના કુલનાયક રાજેન્દ્ર ખિ માણી એ ઓનલાઈન શુભેચ્છા સંદેશ આવ્યો હતો તેમજ સંસ્થા ના સંયોજક ડો.રાજીવ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સુચારુ સંચાલન નીરજ સિલાવત લાયેઝન ઓફિસર એસ.સી.એસ.ટી સેલ અને ડો.પ્રતીક શિલ્પકાર ,લાયેઝન ઓફિસર ઓબીસી સેલનું હતું

સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં સમ્યક જ્ઞાન શાળાના બાળકોની સાંસ્કૃતિક પ્રસ્તુતિ

ગાંધીનગર, તા.૨૮

આજે સેકટર-૨૨ ગાંધીનગર સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં સમ્યક જ્ઞાન શાળાના ૪૦થી વધુ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. કાર્યક્રમમાં વિવિધ દસેક કૃતિઓ રજૂ કરી હતી જેમાં નવકારમંત્રનું સ્તવન, માતા પિતાનું મહત્વ, નેમ રાજુલ નાટીકા, મોડર્ન સામાયિક જેવી વિવિધ કૃતિઓ રજૂ થઈ. કેટલાક બાળકોએ કંઠસ્થ કરેલા સામાયિક, પ્રતિક્રમણના પાઠ રજૂ કર્યા હતા. શ્રી સંઘના ઉપસ્થિત સભ્યોએ આ બાળકોની અનુમોદના માટે લગભગ રૂ. ૩૫ હજાર જેવી રકમ નોંધાવી હતી. આજે મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી નિમિત્તે હાજર રહેલા ૩૫૦થી વધુ વ્યક્તિઓને ૫૦ ગ્રામ બદામ, ૫૦૦ ગ્રામ સાકર અને ચોકલેટના પેકેટ્સની પ્રભાવના કરવામાં આવી હતી. આ ઉપરાંત પૂજય મહાસતીજીઓએ સવારે અંતગડ સૂત્રનું વાંચન, ભકતામર પ્રાર્થના, મોટી સાધુ વંદના અને ભગવાન મહાવીર જન્મ કલ્યાણક વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

પ્રા. રમેશભાઈ મ. પટેલનો વય નિવૃત્તિ સમારંભ સાદરાના વ્યાયામમાં યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બી.એ. એમ.એ. વિભાગના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલનો વય નિવૃત્તિ સમારંભ સંકુલના વ્યાયામ વિભાગમાં યોજાયો હતો. ડિન જગદીશચન્દ્ર સાવલિયા, ડૉ. નિરજ સીલાવટ, ડૉ. વિજય મકવાણા, તેજશ ઠાકર, ડૉ. ભરત પટેલે પ્રા. રમેશભાઈ મ. પટેલે ૩૭ વર્ષના કાર્યકાળને યાદ કરતાં પ્રવચન કર્યા. જેમાં મુખ્યત્વે રમેશભાઈ એટલે રમેશભાઈ, તેમની નિયમિતતા, ચુસ્ત સમયપાલન, ચુસ્ત સફેદ લેંઘા-ઝભ્ભાનું ખાદી પરિધાન, સંકુલના વિકાસમાં ભૂમિકા, ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક સહાય, સ્પર્ધાઓમાં ઈનામો માટે માતબર રકમ આપવી, સફળ શિબિર સંચાલક, અનોખી પદયાત્રાના માર્ગદર્શક, કડક શિસ્તપાલક, સમભાવી સંચાલન, વિશિષ્ટ કાર્ય આયોજક, વાતો નહીં અમલીકરણના હિમાયતી, સંકુલનું ઘરેણું, સત્યના હિમાયતી, કોરોના કાળમાં સમાજ સેવા કરનાર, કોરોના વોરિયર્સ, દીકરો-દીકરી એક સમાન માનનાર, છલકતી પરિવાર ભાવના, પ્રકૃતિપ્રેમી, ઉત્તમ પત્રકાર, સૂચોર રચના કરી વિસ્તરણ કાર્ય કરનાર, આદર્શ ગૌશાળા સંચાલક, ૧૨૦ લેખો પ્રકાશિત કરનાર અને ૧૨ પુસ્તકો લખનાર કર્મઠ કર્મયોગી પ્રા. રમેશભાઈ મ. પટેલ વયનિવૃત્ત થાય છે ત્યારે તેમના માનમાં અભિવાદન ગ્રંથનું લોકાર્પણ તારીખ ૩૧-૮-૨૦૨૨ના રોજ કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીના હસ્તે થનાર છે.

ભારતમાલા પ્રોજેકટ અંતર્ગત ગીયોડ ખાતે ખેડુતોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

ભારતમાલા પ્રોજેકટ અંતર્ગત ગીયોડ ખાતે ખાનગી હોટલમાં ખેડુતોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ૭૦૦ થી વધુ આસપાસના ગામના ખેડુત ભાઈઓ હાજર રહ્યા હતા. આ પ્રોજેકટ અન્વયે ખેડુત કોઈપણ ભોગે જમીન નહી આપવા માટે મક્કમ જણાયા હતા અને સરકાર સામે લડી લેવાના મુડમાં જણાયા હતા. આ બેઠકમાં આગામી દિવસોમાં ભારત માલા પ્રોજેકટમાં આવતા તમામ ગામના ખેડુતોને ગાંધીનગર એકઠા કરવા અને મહાસંમેલન બોલાવવા માટે આહ્વાન કર્યું હતું. નોંધનીય છે કે ગાંધીનગર જિલ્લાની તમામ જમીન ગ્રીન બેલ્ટમાં (એટલે કે ખેતી લાયક અને પિયત જમીન હોવા છતા) આવતી હોવા છતા સરકાર આ જમીન લઈ આ પ્રોજેકટ પાડવા માંગે છે. પરંતુ બેઠકમાં આવેલા તમામ ખેડુતોએ પોતાનો જીવ જાય તેમ છતા પણ આ જમીન આપીશુ નહી તેમ જણાવ્યું હતું.

કોરોનાના પ્રિકોશન ડોઝ આપવાની કામગીરી ચાલુ છે. વાસણા હડમતીયા સ્થિત સૌંદર્ય ૪૪૪ સોસાયટી ખાતે કોરોનાના પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યા હતા. વોર્ડ નં. ૮ના કોર્પોરેટરોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ખ-૩ પાસેથી પશુ છોડાવી જનાર સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના શહેરના ખ-૩ સર્કલ પાસેથી મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓ દ્વારા પકડવામાં આવેલા પશુને દાતરડું બતાવી રસ્સો કાંપી મહિલા અને એક શખ્સ છોડાવી ગયા હતા.ત્યારે મનપામાં પશુધન નિરીક્ષક તરીકે ફરજ બજાવતા અધિકારીએ સેકટર-૧૩ કાચા છાંપરામાં રહેતા રઘુ ભરવાડ અને વેલીબેન ભરવાડ સામે સરકારી કામમાં અડચણ ઉભી કરવા માટે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

હવે જમાનો થર્ડ ડિગ્રીનો નહીં, સાયન્ટિફિક પુરાવાઓનો છે : ગૃહ મંત્રી અમિત શાહ

છ વર્ષથી વધુ સજાની જોગવાઇ હોય તેવા ગુનાઓમાં ફોરેન્સિક તપાસ ફરજિયાત કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૮

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં દેશના આઈપીસી-સીઆરપીસી અને એવિડન્સ એક્ટમાં નજીકના ભવિષ્યમાં જ કેટલાક જરૂરી સુધારાઓ કરવા જઈ રહ્યા છે જેના થકી દેશભરની ક્રિમિનલ જસ્ટીસ ડિલિવરી સિસ્ટમ વધુ મજબૂત બનશે અને કન્વીક્સન રેટનો ગ્રાફ ઉપર આવશે. જે પૈકીનો એક મહત્વપુર્ણ સુધારો એ હશે કે ગંભીર ગુનાઓ કે જેમાં છ વર્ષથી વધુ સજાની જોગવાઇ હોય તેવા ગુનાઓમાં "ફોરેન્સિક તપાસ" ફરજિયાત કરવામાં આવશે. જેનાથી આવા જઘન્ય ગુનાઓમાં દોષ સિદ્ધિનો દર વધારવામાં મદદ મળશે તેમ જ તપાસની નિષ્પક્ષતા અને પારદર્શિતા પણ વધશે આ માટે ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમને ફોરેન્સિક સાયન્સ સાથે ઈન્ટીગ્રેટ કરવામાં આવશે. આ જરૂરી સુધારા કરતા પહેલાં સમગ્ર દેશમાં ફોરેન્સિક નિષ્ણાંત અને સંબંધિત સપોર્ટ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે ખૂબ જ ટૂંકા સમયગાળામાં ઉભી કરી દેવામાં આવશે. ફોરેન્સિક ઈન્વેસ્ટિગેશન મોબાઈલ વેન વિશે જણાવતા શ્રી અમિત શાહે કહ્યું હતું કે, ગુનાના સ્થળ ઉપર વૈજ્ઞાનિક પરીક્ષણ માટે તૈયાર કરવામાં આવેલી ફોરેન્સિક વાન તમામ જરૂરી અદ્યતન સાધનો સાથે તૈયાર કરવામાં આવેલી મોબાઈલ લેબ છે. જે આત્મ નિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરે છે. આ મોબાઈલ લેબ સંપૂર્ણ સ્વદેશી ભારતીય કંપનીએ બનાવેલી લેબ છે જે સમગ્ર દેશના દરેક જિલ્લામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેથી દેશમાં તપાસની નિષ્પક્ષતા અને પારદર્શિતા વધારી જઘન્ય ગુનાઓમાં દોષ સિદ્ધિનો દર વધારી શકાય. હવે થર્ડ ડીગ્રીનો જમાનો નથી, ગુનાઓના ડિટેકશન માટે ફોરેન્સિક સપોર્ટને આધારે પોલીસ તંત્ર અને ન્યાયતંત્રને જરૂરી સાયન્ટિફિક પુરાવાઓ એકત્ર કરવામાં મદદ કરી ગુનેગારોને મહત્તમ સજા અપાવવામાં ફોરેન્સિક સાયન્સની મહત્વની ભૂમિકા છે. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (દ્રહ્રજીં)નો પ્રથમ દીક્ષાંત સમારોહ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના મુખ્ય અતિથિ પદે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી અરવિંદ કુમાર, કાયદા અને ન્યાય મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી, યુગાન્ડાના સંરક્ષણ મંત્રી અને વેટરન અફેર્સ શ્રી વિન્સેન્ટ સેમ્પિજ્જા, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી અજયકુમાર ભલ્લાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.